સીસ કહઇ વંદન તાહરૂં શ્રી **કમલસાગર** સોહએ
તુઝ ચરણે મુઝ મનિ અતિહિ લીણો જિમ ભમર માલતિ મોહએ.

(૧) ૫.સં.૩-૯, હા.ભં. દા.૮૨ નં.૧૭૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૦, ભા.૩ પૃ.૬૭૩.]

## ૪૫૫. સિદ્ધિસૂરિ (બિવંદણીકગચ્છ દેવગુપ્તસૂરિ–જયસાગરશિ.)

દ્વિવંદનીકગચ્છ ઉપકેશગચ્છની શાખા જણાય છે. તેમાં થયેલ દેવગુપ્તસૂરિના પ્રતિમાલેખો સં.૧૫૬૭, ૧૫૭૦, ૧૫૭૩, ૧૫૯૩ અને ૧૫૯૯ના ધા.પ્ર.સં. બંને ભાગ તથા નાહરકૃત સંગ્રહમાં મળે છે. તેમાં તે સિદ્ધાચાર્યસંતાનીય ઓળખાયેલ છે.

**(૯૩૪) અમરદત્ત મિત્રાનંદ રાસ** ૫૨૩ કડી ૨.સં.૧૬૦૬(શક.૧૪૭૨) વૈ.વ.૪ રવિ ઉંઝામાં

આદિ –

વસ્તુ

સકલ ગુણનિધિ સકલ ગુણનિધિ સકલ જિનરાય,
પયપંકજ પ્રણમી કરી, ભલે ભાવે **ભારતી** નમેવીય.
સહિગુરૂચરણે શિર નમિ એકચિત્તે કવિરાય સેવીય
કર્મફલા ફલ જાણવા **મિત્રાનંદ** ચરિત્ર
બોલિસિ બહુ બુદ્ધિં કરી સુણયો સહુ ઈકચિત્ત.

અંત – **બેવંદણીકગચ્છે** સહિગુરૂ સાર, સકલ કલા કેરો ભંડાર,
**શ્રી દેવગુપ્ત** વંદૂ સૂરીસ, કર જોડી કહે તેહનો સીસ. ૧૬
સંઘ કથન થયાં ઉલટ ઘણો, રચ્યો રાસ **મિત્રાનંદ** તણો;
કુંથુ જિણેસર તણે પસાય, રચી ચોપઇ **ઉંઝા** માંહિ, ૧૭
કુંણ સંવત્સર કેહે માસ, રચ્યો રાસ તે કહું વિમાસ.
સંવત **સોલ છિડોત્તરા** જાણ, શાકે **ચૌદ બહુત્તરિ** વખાણ.૧૮
વદિ વૈશાખ ચોથિ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર
તેણે દિને નિપાયો રાસ, સાંભલતા સવિ પુહચે આસ. ૧૯
સર્વ ગ્રંથની સંખ્યા સુણો, દુહા ચોપઈ એકઠા ગુણો
ગાહા વસ્તુ તેહ માંહે ભલી, શતકપંચ બાવીસાં મિલી. ૨૦
વસ્તુ એક ચોપઇ સો ચાર, વલી એકતાલીસ અધિક વિચાર;
પ્રાકૃત ગાથા જાણો પંચ, દુહા પંચોત્તરનો સંચ. ૨૧
અધિકો ઓછો કહિયો જેહ, સહિગુરુ સાખેં ખમાવું તેહ